# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


PGVCL

150 YEARS OF CELEBRATING THE MAHATMA

નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૨૧-૨૨/ № 0104 તા.

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,

કોલી ખમુ સુલેમાન,

રહે.કોલીવાસ, ગુલાબમીલ સામે,

અંજાર (કચ્છ)

30 NOV 2021

વિષય:- કેસ નંબર પીજી૦૨/૦૦૨/૨૦૨૧-૨૨

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૨/૦૦૨/૨૦૨૧-૨૨

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂ.

(એમ.જે.ભાભીર)

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, અંજાર

(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, અંજાર ટાઉન

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ–કચ્છ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ,જી.કે.જનરલ હોસ્પીટલ સામે, ભુજ – કચ્છ.

ફોન નં.(૦૨૮૩૨) ૨૫૩૫૫૦ ફેકસ નં.(૦૨૮૩૨) ૨૫૦૦૪૮

ઈમેલ : forumbhuj.pgvcl@gebmail.com


નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૧/૩૩૯ તા. / /૨૦૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-002-2021-22

**ખમુ સુલેમાન કોલી**
ગામ: કોલીવાસ,ગુલાબમીલ સામે,
અંજાર – કચ્છ. ............**અરજદાર.**

**વિરુધ્ધ.**

**કાર્યપાલક ઈજનેરશ્રી**
પીજીવીસીએલ વિભાગીય કચેરી,
અંજાર– કચ્છ. ...........**સામાવાળા.**

**બાબત:–** સેવામાં ખામી અંગે....

**અરજદાર તરફે** :– જાતે
**સામાવાળાના તરફે** :– શ્રી જે.એમ.કષ્ટા
કાર્યપાલક ઈજનેર, અંજાર

**કોરમ : (૧) શ્રી સી.વી.ઠાકર – ચેરપર્સન**
**(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર**

**સુનાવણી સ્થળ:** કોન્ફરન્સ હોલ,પીવીસીએલ, વતૃળ કચેરી,ભુજ
તા:૨૪/૦૯/૨૦૨૧

## ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદાર પછાત જાતીના ખેત મજુર છે અને તેઓ અન્યની જમીન પર ખેત મજુરી અર્થે બહાર હતા તેવા સમયગાળામાં અરજદારના મકાનનું લોક ખોલી બીલ ન ભરવા બદલ સામાવાળા મીટર ઉતારી જતા ત્યારબાદ બાકી બીલની રકમ રૂા ૭,૭૨૦/– તા.૨૩–૪–૨૦૨૧ ના પહોંચ નં. ૦૯૮૭૭૪ થી ભરપાઈ કરી બી.પી.એલ.વિજ કનેકશન મળવા અરજી કરેલ જેને ચાર માસનો સમયગાળો થયેલ હોવા છતા વિજ કનેકશન ચાલુ કરવામાં આવેલ ન હોઈ વિજ કનેકશન ચાલુ કરી આપવા સદર ફરીયાદ મારફતે દાદ માંગવામાં આવેલ છે.

૨. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. કચેરી તરફેની રજુઆત એવી છે કે આ કામના અરજદાર તરફેની રજુઆત બાદ અરજદારે નગરપાલીકામાં ફોર્મ તા.૨૩–૪–૨૦૨૧ ના રોજ ભરેલ પરંતુ તે ફોર્મ સામાવાળાની કચેરીમાં તા.૬–૫–૨૦૨૧ ના રોજ આવેલ જેમાં અરજદાર તથા અન્ય બી.પી.એલ અરજદારોના નામે હતા તે તમામ અરજદારના દસ્તાવેજો એક સાથે સામાવાળાના બિલીંગ વિભાગ મારફતે દસ્તાવેજો વેરીફાય કરી ટેકનીકલ વિભાગમાં મોકલાવેલ ત્યારબાદ બધાજ ગ્રાહકોના એકસાથે સર્વે કરવામાં આવેલ તેમાંથી ' એ ' કેટેગરીના અરજદારોને અલગ તારવી મીટર લગાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. વધુમા વડી કચેરીના આદેશ મુજબ સૌરાષ્ટમાં આવેલ તોકતે વાવાઝોડામાં અસરગ્રસ્ત વિસ્તાર માટે માલ સામાન મોકલવાનો હોઈ જુન–જુલાઈ માસ દરમ્યાન સદર કામગીરી બંધ રહેતા અને તેથી ત્યારબાદ તા.૧૯–૭–૨૦૨૧ ના રોજ વિજ મીટર લગાડી અરજદારનું વિજ કનેકશન ચાલુ કરી આપવામાં આવેલ અને જેમાં અરજદારના ગ્રાહક નં. ૩૮૨૦૨/૨૨૨૦૯/૫ તથા મીટર નં. ૦૪૯૧૨૭૯૮ છે અને જે મુજબ અજદારનું વિજ કનેકશન ચાલુ કરી આપવામાં આવેલ હોઈ સામાવાળાની સેવામાં કોઈ ખામી નથી.

૩. અરજદારને તા.૨૪–૯–૨૦૨૧ ના રોજ ફોરમ સમક્ષ હાજર રહેવા નોટીસ મારફતે જાણ કરવામાં આવેલ તેમ છતા અરજદાર જાતે હાજર રહેલ નથી. સામાવાળાની રજુઆત જોતા અરજદારની માંગણી મુજબનું બી.પી.એલ. કાર્ડ માંથી નવા કનેકશનની અરજી કરેલ જે અરજી મુજબ નગરપાલીકામાં ફોર્મ તા.૨૩–૪–૨૦૨૧ ના રોજ ભરેલ પરંતુ તે ફોર્મ સામાવાળાની કચેરીમાં તા.૬–૫–૨૦૨૧ ના રોજ આવેલ જેમાં અરજદાર તથા અન્ય બી.પી.એલ અરજદારોના નામે હતા તે તમામ અરજદારના દસ્તાવેજો એક સાથે સામાવાળાના બિલીંગ વિભાગ મારફતે દસ્તાવેજો વેરીફાય



ફરીયાદ નિવારણ ફોરમ ભુજ

કરી ટેકનીકલ વિભાગમાં મોકલાવેલ ત્યારબાદ બધાજ ગ્રાહકોના એકસાથે સર્વે કરવામાં આવેલ તેમાંથી ' એ ' કેટેગરીના અરજદારોને અલગ તારવી મીટર લગાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. વધુમા વડી કચેરીના આદેશ મુજબ સૌરાષ્ટમાં આવેલ તોકતે વાવાઝોડામાં અસરગ્રસ્ત વિસ્તાર માટે માલ સામાન મોકલવાનો હોઈ જુન–જુલાઈ માસ દરમ્યાન સદર કામગીરી બંધ રહેતા અને તેથી ત્યારબાદ તા.૧૯–૭–૨૦૨૧ ના રોજ વિજ મીટર લગાડી અરજદારનું વિજ કનેકશન ચાલુ કરી આપવામાં આવેલ અને જેમાં અરજદારના ગ્રાહક નં. ૩૮૨૦૨/૨૨૨૦૯/૫ તથા મીટર નં. ૦૪૯૧૨૭૯૮ છે અને જે મુજબ અજદારનું વિજ કનેકશન ચાલુ કરી આપવામાં આવેલ છે અને જે અંગેની અરજદારને સ સામાવાળા મારફતે લેખીતમાં જાણ કરેલ હોઈ અરજદારની માંગણી મુજબનું કનેકશન અરજદારને મળી ગયેલ છે જે સામાવાળાની રજુઆત સાથે રજુ કરેલ આધારો જોતા અરજદારને સદર વિજ કનેકન મળી ગયેલ હોવાના આધારો અરજદારને મળી ગયેલ છે અને આજરોજ અરજદારને નોટીસથી જાણ કરવામાં આવેલ હોવા છતાં અરજદાર હાજર રહેલ ન હોઈ અરજદારની અરજીમાં જણાવેલ માંગણી મુજબનું વિજ કનેકશન અરજદારને સામાવાળા મારફતે આપવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ પણે જણાઈ આવે છે. હોઈ સામાવાળાની સેવામાં કોઈ ખામી જણાતી ન હોઈ આથી આ કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –: હુકમ :–

આથી આ કામે એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારને તેની માંગણી મુજબનું વિજ કનેકશન સામાવાળાએ ચાલુ કરી આપેલ હોઈ અરજદારને હવે સદર ફરીયાદ મુજબ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૨૯ /૧૧/૨૦૨૧ ના રોજ જાહેર કર્યો

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(સી.વી.ઠાકર)
ચેરપર્સન

***ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ–કચ્છ.***

નોંધ:

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ – ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો – ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબિતી રજુ કરી હોય તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં.૩,પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૧૫, ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯